**RCS. NO. 55/2023**

<u>**નામદાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,**</u>

<u>**મુ. માંગરોળ, જિ. સુરત**</u>

<u>**રે.દિ.મુ.નંબર – ૫૫/૨૦૨૩**</u>

વાદી તરફે
વાદી તરફે :– વિ.વ.શ્રી. ડી.એસ. જરીવાલા
પ્રતિવાદી ઓ તરફે :– વિ.વ.શ્રી એસ.આર.ટેલર

***–:: આંક–૫ ની દરમ્યાન મનાઈ અરજી નીચેનો હુકમ ::–***

**૧.** આ કામમાં આંક–૫ થી વાદી દ્વારા અરજી લાવવામાં આવેલ છે. આ અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

**૨. <u>અરજીની ટુંકમાં હકીકત :–</u>**

આ કામ ના વાદી દ્વારા હાલની અરજી આપી તેઓ જણાવે છે કે માંગરોળ ના ગામ પાલોદ ના રેવેન્યુ સર્વે નંબર–૧૬૧ પૈકી તથા ૧૬૨ બ્લોક નંબર–૬૨ તથા ૬૩ પૈકી વાળી જમીન માં આવેલ પ્લોટ નંબર–૧૦૭ વાળી મિલકત જેનુ ક્ષેત્રફળ ૧૧૦૦ ચોરસ ફુટ અને લાગુ પુર્વ માર્જીન ની ખુલ્લી જગ્યા જેનુ ક્ષેત્રફળ ૧૧૦૦ ચોરસ ફુટ એમ કુલ્લે ૨૨૦૦ ચોરસ ફુટ યાને કે ૨૦૪.૩૮ ચો.મી. વાળો પ્લોટ તેઓએ તેના મુળ માલીક વિજયકુમાર નગિનદાસ પટેલના પાસેથી તા. ૧૨/૦૮/૧૯૯૭ ના રોજ રૂ. ૫,૦૦૧/– ની કિંમત નો અવેજ ચુકવી કાયદેસરની કબ્જા રસીદથી ખરીદેલ જેનો તા. ૧૨/૦૮/૧૯૯૭ ના રોજ નોટરી વકિલશ્રી વિ.જે. ઠકકર રૂબરૂ તેઓને કરી આપેલ. તેમજ તે જ દિવસે આ નોટરી વકિલ રૂબરૂ રદ ન થઇ શકે તેવુ પાવરનામુ સિરિયલ નંબર–૭૪૩૮/૯૭ તથા ૭૪૩૭/૯૭ થી નોંધાયેલ

અને આ પ્લોટનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે મર્હુમ વિજયભાઈ નગિનદાસ પટેલનાઓએ બાહેંધરી આપેલી. આમ છેલ્લા ૩૨ વર્ષથી સતત એકધારો અને કોઈપણ જાત ના રોક–ટોક વગર વાદીનો કબ્જો આવેલો છે.

વધુમાં જણાવે છે કે મર્હુમ વિજયકુમાર નગિનદાસ પટેલ તા.૨૬/૦૪/૨૦૧૯ ના રોજ મરણ ગયેલ છે. વધુમાં જણાવે છે કે આ કામના પ્રતિવાદી નંબર– ૦૨ થી ૦૪ નાઓ તા. ૨૫/૦૬/૨૦૧૯ ના રોજ દૈનિક પેપરમાં વકિલ મારફતે બ્લોક નંબર–૬૨, ૬૩ માં આવેલા પ્લોટો પૈકી કેટલાક પ્લોટોનુ તથા તેઓના પ્લોટ નંબર–૧૦૭ સબંધે જાહેર ચેતવણી આપેલી જેથી તેઓએ તેનો તા. ૧૨/૦૭/૨૦૧૯ ના રોજ તેઓના વકિલ મારફતે વાંધો રજુ કરેલો જેનો ખુલાસો પ્રતિવાદી નંબર–૦૨ થી ૦૪ દ્વારા આજ દિન સુધી કરવામાં આવેલ નથી. ત્યારબાદ તેઓએ તેઓના વકિલ મારફતે તા. ૨૪/૦૬/૨૦૨૨ ના રોજ નોટીસ આપેલી અને દસ્તાવેજી પુરાવાની માંગણી કરેલી જેનો તેઓ દ્વારા ઉડાવ જવાબ આપેલો આથી તેઓએ તેમના વકિલ મારફતે સબ રજીસ્ટ્રાર કચેરી માં તપાસ કરતા મર્હુમ વિજયકુમાર નગિનદાસ પટેલનાઓએ પ્રતિવાદી નંબર–૦૨ થી ૦૪ નાઓના મેળાપીપણામાં દસ્તાવેજ નંબર–૫૬૭૨ થી તા. ૨૧/૧૦/૨૦૧૩ ના રોજ દસ્તાવેજ કરાવી લિધેલો અને અવેજી રિલિજ દસ્તાવેજ પણ કરાવી લીધેલ જેની નોંધણી સબ રજીસ્ટ્રાર કચેરીમાં નંબર–૫૦૧૨ થી નોંધાવી લીધેલ છે. આમ પ્રતિવાદીઓએ ખોટા દસ્તાવેજો બનાવી તેઓના હક–હિત ને નુકશાન થાય તેવા કૃત્ય કરી રહેલ હોય તેઓ દ્વારા હાલનો દાવો દાખલ કરેલ છે અને દાવા અરજી ચાલતા સમય જાય તેમ હોય અને તે સમય દરમ્યાન પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતનુ ફરી વેચાણ કરી શકે તેમ હોય તેઓને વધુ દાવાદુવી માં ઉતરવાનો વારો આવી શકે તેમ હોય હાલ અરજીથી કામ ચલાવ મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.

આ કામે પ્રતિવાદી ને સમંસ ની બજવણી થતા તેઓ વકીલ મારફતે હાજર થયેલા અને પ્રતિવાદીઓ દ્વારા આંક– ૧૮ થી દાવા અરજી તથા

મનાઇ અરજી નો સંયુકત રીતે જવાબ રજુ કરેલ છે. તેમાં તેઓ જણાવે છે કે દાવા અરજીને સમય મર્યાદાનો બાધ નડે છે. દાવા અરજી કોઝ ઓફ એકશન વિના ની છે અને વાદી ચોખ્ખા હાથે આવેલ નથી. તેમ જણાવી તેઓ દ્વારા વાદીના દાવા અરજીના દરેક પેરાનુ વિગતવાર ખંડન કરેલ છે અને પોતાની ખરી હકીકતે પ્રતિવાદી નંબર–૦૨ થી ૦૪ ના જણાવે છે કે તેઓએ ૨૦૧૩ ના અરસામા ચેક થી તથા રોકડે થી અવેજ ની કિંમત ચુકવી દાવાવાળી જમીન નો વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે અને તેમાં મર્હુમ વિજયકુમાર નગિનદાસ પટેલનાઓએ સબ રજીસ્ટ્રાર કચેરી માં રજીસ્ટ્રાર રુબરુ મૌખીક તથા લેખીત બાહેંધરી આપી જણાવેલ છે કે મજકુર પ્લોટ ઉપર સરકારનુ તથા અન્ય કોઇ વ્યકતિનુ લેણુ નથી કે કોઇપણ નો કોઇ હક સમાયેલ નથી અને તેઓને આ પ્લોટ ઉપર તેઓનો પુરેપુરો હક હોવાની ખાત્રી આપેલી અને પ્રતિવાદી નંબર –૦૨ થી ૦૪ સને ૨૦૧૩ થી સતત કોઇપણ પ્રકાર ની અડચણ વગર કબ્જો ભોગવટો ચાલી આવેલ છે. વધુમાં જણાવે છે કે વાદી ૨૫ વર્ષ ના સમયગાળા સુધી દાવાવાળી મિલકત બાબતે કોઇપણ કાર્યવાહી કરેલ નથી અને મર્હુમ વિજયકુમાર નગિનદાસ પટેલ ના ગુજરી ગયા બાદ ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરી પ્રતિવાદીઓ પાસેથી નાણા કઢાવવાના બદ આશય થી પોતાના હેતુ પાર પડાવવા માટે બોગસ દાવો કરેલ છે. આમ તેઓના જવાબ ઉપર આધાર રાખી વાદીની દાવા અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે વાદી દ્વારા પ્રતિવાદીઓએ આપેલ જવાબ વિરુધ્ધ આંક–૨૨ થી કાઉન્ટર એફીડેવિટ રજુ કરેલ છે. જેમાં તેઓ દ્વારા પ્રતિવાદીઓના જવાબ ની વિગતોનો ખુલાસો કરેલ છે.

આ કામે વાદી દ્વારા આંક–૨૩ થી મનાઇ અરજીના સમર્થનમાં વિગતવાર લેખીત દલિલો રજુ કરેલ છે જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવેલ વિગતો ને સમર્થન કરેલ છે અને તેઓની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.જયારે પ્રતિવાદીઓ તરફે આંક–૪૦ થી વિગતવાર લેખિત દલિલો રજુ

કરેલ છે અને તેઓના દલિલ ને ધ્યાને રાખી અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે બન્ને પક્ષની રજુઆત તથા કેસનુ રેકર્ડ ધ્યાને લેતા વાદીના જણાવ્યા મુજબ આ કામના પ્રતિવાદી નંબર-૧/૧ થી ૧/૩ ના વડીલ વિજયકુમાર નગિનદાસ પટેલ દ્વારા તેઓને તા. ૧૨/૦૮/૧૯૯૭ ના રોજ દાવાવાળી મિલકત રૂ. ૫,૦૦૧/- ની અવેજ કિંમત લઈ વેચાણ આપેલો અને તે સબંધે સાટાખત તેમજ રદ ન થઈ શકે તેવુ પાવરનામુ કરી આપેલ હોવા છતા  વિજયકુમાર નગિનદાસ પટેલ નાઓએ તા. ૦૧/૧૦/૨૦૧૩ ના રોજ દસ્તાવેજ નંબર-૫૬૭૨ થી પ્રતિવાદી નંબર-૦૨ થી ૦૪ નાને દાવાવાળી મિલકતનુ વેચાણ કરેલુ અને તા. ૧૧/૦૮/૨૦૧૫ ના રોજ રજીસ્ટર નંબર-૫૦૧૨ થી અવેજી રિલિજ નો દસ્તાવેજ કરી આપેલ આમ દાવાવાળી મિલકતનુ વેચાણ તેઓને કરેલ હોવા છતા પ્રતિવાદી નંબર-૧/૧ થી ૧/૩ ના વડીલ દ્વારા પ્રતિવાદી નંબર-૦૨ થી ૦૪ ને વેચાણ કરેલ તેવી હકિકતો જણાવી હાલનો દાવો કરેલ છે ત્યારે વાદી દ્વારા આ દાવાવાળી મિલકત નુ દાવા ની કાર્યવાહી દરમ્યાન વધુ વખત વેચાણ કે માલિકી માં ફેરફાર ન થાય તે માટે હાલની મનાઈ અરજી કરેલ છે ત્યારે તે સબંધે તેઓ દ્વારા રજુ કરેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો તેઓ દ્વારા નિશાની ૩/૧ થી કબ્જા રસીદ તા. ૧૨/૦૮/૧૯૯૭ ના રોજ ની નોટરી એડવોકેટ સમક્ષ નોંધાયેલ તેમજ નિશાની ૩/૨ થી કુલમુખત્યારનામુ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આ દસ્તાવેજો આધારે તેઓ પાસે ૧૯૯૭ થી દાવાવાળી મિલકતનો કબ્જો ભોગવટો આવેલો છે. જયારે પ્રતિવાદી તરફે આ દાવાવાળી મિલકતના કાયદેસરના વેચાણ દસ્તાવેજ ની કોપીઓ રજુ કરેલ છે અને તે વેચાણ થયા સબંધે વાદી દ્વારા સ્વિકાર પણ કરવામાં આવેલ છે. તેમજ વાદી દ્વારા રજુ કરેલ દસ્તાવેજ નિશાની ૩/૩ જોવામાં આવે તો પ્રતિવાદીઓ દ્વારા તા. ૨૫/૦૬/૨૦૧૯ ના રોજ દાવાવાળી મિલકત તેમજ તેની સાથે ની અન્ય મિલકતો ની ખરીદીની જાહેર નોટીસ આપવામાં આવેલી જેનુ વાદીના જણાવ્યા મુજબ વકિલ મારફતે તેઓએ તા.૧૧/૦૭/૨૦૧૯

ના રોજ જવાબ આપવામાં આવેલ. આમ આ દસ્તાવેજ જોવામાં આવે તો દાવાવાળી મિલકતો ખરીદવામાં આવેલી છે તે બાબતની વાદીને જાણ તે દિવસથી જ થયેલી જણાય છે અને તેઓ દ્વારા તે જાહેર નોટીસનો જવાબ પણ આપવામાં આવેલ છે. તેમજ દાવાવાળી જમીન નુ વેચાણ પ્રતિવાદી નંબર–૦૨ થી ૦૪ નાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી થયેલ છે તેમજ વાદી ના જણાવ્યા મુજબ પ્રતિવાદી નંબર–૦૧ નુ મરણ તા. ૨૬/૦૪/૨૦૧૯ ના રોજ થયેલ છે. ત્યારે વાદી ત્યા સુધી દાવાવાળી મિલકત ના વેચાણ દસ્તાવેજ બનાવી લેવા માટે કોઇ કાર્યવાહી કરેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ પ્રતિવાદીઓ દ્વારા દાવાવાળી મિકલત સબંધે રજુ કરેલા દસ્તાવેજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ છે ત્યારે વાદી પોતાનો કેસ પ્રાયમાફેસી સાબિત કરી શકતા નથી. આથી આ સબંધે પુરાવા લીધા સિવાય નિર્ણય થઇ શકે તેમ ન હોય હાલની અરજી સબંધે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

***-:: હુ ક મ ::-***

૧. આ કામના વાદીની હાલની અરજી ***નામંજુર*** કરવામાં આવે છે.

૨. સદરહું અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ રોજ તારીખ ૧૩ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ , ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(જે.એસ. પરમાર)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
માંગરોળ, જિ. સુરત
(**Judge Code: GJ**01155)